



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુરના સેમોદા ગામે કોમી એકતાના માહોલમાં પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો

પાલનપુર પાસેના સેમોદા ગામમાં આજે આયોજીત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો ભેગા થતા અનોખી કોમી એકતાના દર્શન થયા હતા. સેમોદા ગામમાં આજે મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં હિન્દુ સમાજના ભાવિકો સહિત ગામના મુસ્લિમ સમુદાયના ભાઈઓ પણ ખભેખભા મિલાવી ધાર્મિક પ્રસંગે જોવા મળ્યા હતા. એટલું જ નહી પણ મુસ્લિમ આગેવાનોએ રોકડ દાન કરી કોમી એકતાની મિશાલ કાયમ કરી હતી. આ ધાર્મિક પ્રસંગે કોમી એખલાસનો માહોલ જોવા મળ્યો હતો.

# હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાનો દોરો લૂંટાયો

હિંમતનગર, તા.૩

હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાહન ચોરી, સોનાના દોરા તોડવા સાથે ચોરીઓની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. જેના કારણે નગરજનોમાં અને ખાસ કરીને મહિલાઓમાં ખૌફનો માહોલ સર્જાયો છે. ગત મંગળવારે સહકારીજીન રોડ પરના શકુન બંગ્લોઝ નજીક ઉભેલી મહિલાના ગળામાં પહેરેલો સોનાનો દોરો તોડી બે ચેઈન સ્નેચરો ભાગી છુટયા હતા. રૂા.૪૦ હજારની મત્તાના દોરાની લૂંટની ઘટના અંગે મહિલાએ ગુરૂવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગત મંગળવારે સમી સાંજના સહકારીજીન રોડ પરના શકુન બંગ્લોઝમાં રહેતા બિપીનભાઈ હાથીભાઈ પટેલના પત્નિ ગીતાબેન સોસાયટીના નાકે ઉભા હતા. તે દરમિયાન પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો પૈકીના એકે ગીતાબેનના ગળા પર હાથ મારી રૂા.૪૦ હજારની કિંમતનો સોનાનો દોરો તોડી પલભરમાં અદ્રશ્ય થઈ ગયા હતા. મહિલાએ બૂમાબૂમ કરવા છતાં હાઈવેથી નજીક ટ્રાફીકથી ભરચક વિસ્તારમાં બંને ચેઈન સ્નેચરો ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. સોનાના દોરાની લૂંટની ઘટના અંગે ગીતાબેને ગુરૂવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો દર્જ કર્યો હતો.

### અગાઉ ચેઈન સ્નેચીંગની બે ઘટના બની હતી

ગત મંગળવારે એટલે કે ૩૧મી માર્ચે શહેરના મહાવીરનગર વિસ્તારમાં અને સહકારીજીન રોડ વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાના દોરા તૂટવાની બે ઘટનાઓ એક જ દિવસે બની હતી અને તેમાં બબ્બે બાઈક સવાર યુવકો દ્વારા મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તોડવાની ઘટનાને અંજામ અપાયો હતો.

# વિજયનગરની સગીરાને ભગાડી જનાર યુવક વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૩

વિજયનગર ગામની સગીરાને એક યુવક ગત ૨૭ મી એ લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. જેથી સગીરાના પિતાએ ગુરૂવારે યુવક વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વિજયનગર ગામની સગીરાને રાહુલ નામનો યુવક લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને ગત તા.૨૭મી એ તેના ઘરેથી ભગાડી ગયો હતો. જે અંગે સગીરાના માતાપિતાએ સગીરાને શોધવાની કોશિષ કરી હતી. છતાં ભાળ ન મળતા રાહુલ કે જેના માતાપિતાનું નામ ઠામ ખબર નથી તેની વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે રાહુલ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અતિવૃષ્ટિથી થયેલા પાકના નુકસાનનું વળતર ન ચૂકવાતા ખેડૂતોમાં રોષ

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા દરમિયાન વર્ષ ૨૦૧૩-૧૪ માં અતિવૃષ્ટિથી થયેલા પાકના નુકશાન અંગે હજુ પણ ખેડૂતોને વળતર ન ચૂકવાતા ખેડૂતોમાં રોષની લાગણી -સરી છે. બે વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં ખેડૂતોને સહાયની રકમની ચૂકવણી કરાઈ નથી. જેથી ભારતીય કિસાન સંઘ દ્વારા આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાશે.

આ અંગે કેટલાક ખેડૂતોએ રજુઆત કરતા જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૩-૧૪માં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના ખેતરોમાં પાણી ફરી વળતા કપાસ, દીવેલા સહિત પાકોને વ્યાપક નુકશાન થયુ હતું. કેટલાક ખેડૂતોની જમીનનું ધોવાણ થવાથી મોંઘા ભાવના બિયારણો તથા ખાતર અને દવાઓનો છંટકાવ પાછળ કરેલો ખર્ચનું ધોવાણ થતાં ખેડૂતો દેવાના ડુંગર તળે દબાઈ ગયા હતા. તેથી રાજય સરકાર દ્વારા ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ નુકશાનીનું વળતર આપવાની જાહેરાત કરાઈ હતી. જેના પગલે ખેડૂતોએ જરૂરી માહિતી સાથે નુકશાનીની વિગત ભરીને ફોર્મ સંલગ્ન વિભાગમાં રજુ કર્યા હતા. ત્યારબાદ સરકાર દ્વારા રૂા.૨૧ કરોડથી વધુના વળતરની જાહેરાત કરીને ખેડૂતોને વળતર પેટે નાણાંની ચૂકવણી કરવામાં આવી હતી. છતાં કેટલાક ખેડૂતોને હજુ પણ નુકશાનીનું વળતર ચૂકવાયુ નથી. ખેડૂતો દ્વારા આ અંગે સેવા સહકારી મંડળીના સેક્રેટરીઓ તથા ગ્રામસેવકો સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે કિસાન સંઘના અગ્રણીઓએ જણાવ્યુ હતું કે અતિવૃષ્ટિથી થયેલ નુકશાનીનું વળતર ચુકવવામાં કેટલાક સાચા લાભાર્થીઓને અન્યાય થયો છે. ખેડૂતો તરફથી મળેલી રજુઆત અંગે કૃષિ વિભાગના અધિકારીઓ સમક્ષ રજુઆત કરીને ઝડપથી ખેડૂતોને વળતરની રકમની ચૂકવણી કરવામાં આવે તેવા પ્રયાસો કરાશે.

ઉપરાંત તાજેતરમાં માવઠાથી થયેલા નુકશાન અંગે પણ વળતર માટેનો સર્વે કરાયો છે. પરંતુ કેટલાક તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો ન હોવાથી ખેડૂતોમાં નારાજગી પ્રસરી છે ત્યારે તંત્ર દ્વારા પુનઃ સર્વે કરાય તેવી લાગણી ઉઠવા પામી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં લીંબચ માતાનો ૧૩મો પાટોત્સવ

ખેડબ્રહ્મા ખાતે વાળંદ સમાજ દ્વારા લીંબચ માતાનો ૧૩મો પાટોત્સવ શુક્રવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા ખાતે તાલુકા સેવા સદન સામે આવેલ લીંબચ માતાના મંદિરે સવારે મહાપૂજા આરતી કરવામાં આવી હતી. જેનો ધર્મલાભ માંણકાભાઈ કોદરભાઈ વાળંદ પરિવારે લીધો હતો. ત્યારબાદ માતાજીની શોભાયાત્રા મંદિરેથી નિકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા, માણેકચોક, સરદારચોક, પેટ્રોલપંપ થઈ નિજ મંદિર પરત ફરી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં વાળંદ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવનો પ્રસંગ પાર પાડવા દિલિપભાઈ એમ. વાળંદ, કુમુદભાઈ બી. વાળંદ, ઈશ્વરભાઈ સી. વાળંદ સહિત જ્ઞાતિ બંધુઓએ જહેમત ઉઠાવી હતી.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## ધાનેરાની બી.એન. સવાણી શાળાના બાળકોનો વિદાય સમારંભ યોજાયો

ધાનેરાની બી.એન. સવાણી પ્રાથમિક શાળામાં આજે ધો. ૮ના વર્ગના વિદ્યાર્થીઓનો વિદાય મસારંભ યોજાયો હતો. આ શાળામાં બાલમંદિરથી ધોરણ-૮ સુધીના વર્ગો છે. અને ધોરણ૮ ના વર્ગમાંથી વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે શાળાના આચાર્ય જસવંતભાઈ જોષી તથા ડી.બી. પટેલ હાઈસ્કૂલના આચાર્ય જગદીશભાઈ જોષીએ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કારકિર્દી માટે માર્ગદર્શન આપ્યું હતું.

## આજે મેઘરજમાં રમીલાબેન બારાનો સન્માન સમારોહ યોજાશે

ઈસરી, તા. ૩

મેઘરજ તાલુકાના પંચાલ પ્રાથમિક શાળા ખાતે આદિવાસી યુવા વિકાસ પંચની આગેવાની હેઠળ પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી વિકાસ નિગમના નવ નિયુક્ત ચેરમેન રમીલાબેન બારાનું આજે સન્માન કરવામાં આવશે.

મેઘરજ તાલુકાના આદિવાસી યુવા વિકાસ મંચ દ્વારા આજે શનિવારે પંચાલ ગામે ૧૧.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાન હાજર રહેશે અને સામુહિક રીતે સમાજના વિકાસ અંગે ચર્ચા પણ કરવામાં આવશે તેમ નરેશભાઈ ડામોરે જણાવ્યું હતું.

# નાંદીસણ પાસે કારનું ટાયર ફાટતા ૩ યુવાનોના મોત : ત્રણને ઈજાઓ

મોડાસા, તા.૩

મોડાસાના જીવણપુર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા નોંદીસણ ગામ નજીક ગુરુવારે સાંજે રાજસ્થાનથી પરત ફરી રહેલા અમદાવાદના યુવાનોની કારનું ટાયર ફાટતા કાર ડીવાઈડર સાથે અથડાઈ જતાં કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા જેમાં કારમાં સવાર ત્રણ યુવાનોના મોત નિપજયા હતા જયારે ત્રણ ઈજાગ્રસ્ત થતા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મોડાસાના જીવણપુર નજીક અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા નાંદીસણ ગામ નજીક ગુરુવારે સાંજે અમદાવાદના યુવાનોની કારનું ટાયર ફાટતા બે યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજયા હતા જયારે અન્ય એક યુવાનનું હોસ્પિટલમાં મોત નિપજતા અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા બ્રિજેશભાઈ પ્રમોદભાઈ આચાર્ય શિવરાજસિંહ દિલીપસિંહ ચુડાસમા, રાહુલભાઈ મુકેશભાઈ જોષી, દશરથભાઈ અર્જુનભાઈ સોલંકી પારસ મિસ્ત્રી તેમજ સુરેશભાઈ લીલપરા ફરવા તેમની ફોર્ડ કાર નં. જીજે-૨૭-કે-૨૯૨૯ લઈને ગુરુવારે સવારે રાજસ્થાન ગયા હતા દરમિયાન સાંજના સમયે અમદાવાદ પરત ફરી રહ્યા હતા ત્યારે નોંદીસણ નજીક એકાએક કારનું ટાયર ફાટતા કાર રોડ સાઈડના ડીવાઈડરે ધડાકાભેર અથડાતા કારના ફુરચે ફુરચા નિકળી જઈ ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ યુવાનના મોત નિપજયા હતા. અકસ્માતને પગલે દોડી આવેલા ગામ લોકોએ કારમાં સવાર અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જયાં પ્રાથમિક સારવાર આપી ઈજાઓ ગંભીર જણાતા હિંમતનગર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

# ભિલોડાના પાટીયા કુવા ગામની મહિલાએ જીવન ટુંકાવ્યુ

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાટીયા કુવા ગામની ૨૫ વર્ષીય સોનલબેન દિનેશભાઈ અસારીએ ધર્મપતી ઉપર વહેમ રાખી જીવન એકા-એક ટુંકાવ્યું હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના પાટીયા કુવા ગામના રહેવાસી દિનેશભાઈ અસારી હાલ.રહે.રીચોડા, તા.કડી, જી.ગાંધીનગર, આયારામ કંપનીમાં નોકરી કરતા હતા અને ઘરે સાંજે લેટ આવતા પત્ની સોનલબેનને વહેમ રહેતો હતો.જેના કારણે પતી-પત્ની વચ્ચે ઉગ્ર ઝગડો થતો હતો.તા.૨/૪/૨૦૧૫ ના રોજ ૫:૪૫ વાગ્યાના સુમારે સોનલબેનના પતી દિનેશભાઈ નોકરી ગયા હતા તે દરમ્યાન મહિલાએ ઘર અંદરથી બંધ કરી શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જતાં શરીર ઉપર દાઝી જતાં સોનલબેન અસારીનું કરૂણ મોત નિપજ્યું હતું.દિનેશભાઈ અઢેળાજી અસારીએ રીચોડાથી તેમની ધર્મપત્ની સોનલબેનનો મૃતદેહ માદરે વતન પાટીયા કુવા લાવી ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ભિલોડા સીવીલમાં પી.એમ.કરાવી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

સોનલબેન અસારીનું લગ્ન વર્ષ૨૦૦૮ની સાલમાં સમાજીક રીતી-રીવાજ મુજબ કરેલ હતું અને છેલ્લા ત્રણ વર્ષથી રીચોડા ખાતે ભાડાના મકાનમાં રહેતા હતા.ભિલોડા પોલીસે આ બનાવ સંદર્ભે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.ભિલોડા પોલીસ સ્ટેશનમાં આ બનાવ સંદર્ભે સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ એ.ડી.નો ગુનો દર્જ કરેલ હોવાનું જાણવા મળેલ છે.

## ઈલોલમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા.૩

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામમાંથી પાંચ માસ અગાઉ આબીદઅલી મહંમદભાઈ ખણુશિયાનું રૂા.૨૦ હજારનું બાઈક નં.જીજે.૯.સી.ડી.૨૬૮૦ ચોરાતા વાહન ચોરી અંગે પાંચ માસ બાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧



## પોળોના જંગલમાં પર્યાવરણ શિબિર યોજાઈ

વિજયનગરના પોળોના જંગલમાં પર્યાવરણ જાગૃતિ અને વિરાસતની અસ્મિતા અન્વયે શિબિર યોજાઈ હતી. આપણા સાંસ્કૃતિક વારસાનું ગૌરવ સમા સાબરકાંઠાના વિજયનગરમાં ઐતિહાસિક પોળોના જંગલો આવેલા છે. જયાં જિલ્લાની વિવિધ શાળાઓમાં નવનિયુકત વિદ્યાસહાયકો બી.આર.સી. કંદર્પ જોષીની આગેવાની માં પર્યાવરણ જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં કંદર્પ જોષીએ પર્યાવરણ ની જાળવણી અંગે માહિતી આપી હતી. આ શિબિરમાં વિરમ ગઢવી, આકાશ પટેલ, છાયા પટેલ વગેરે હાજર રહ્યા હતા. શિબિરનું સંચાલન કમલેશભાઈએ કર્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧